# નૂહની કથા

## ફાધર વર્ગીસ પોલ

પૃથ્વી પરનાં તમામ જીવજંતુઓથી માંડી માણસો સુદ્ધાંનો સર્વનાશ કરનાર એક ભયંકર જળપ્રલયની વાત દુનિયાના વિવિધ આદિજાતિના લોકસાહિત્યમાં જોવા મળે છે. બાઈબલમાં આવતી નૂહ અને જળપ્રલયની વાત બાબિલોનના મહાકાવ્ય ‘ગિલગમેશ’ સાથે ઘણું સામ્ય ધરાવે છે.

મહાકાવ્ય ‘ગિલગમેશ’ ઈ.સ.પુર્વે સાતમી સદીમાં લખાયું છે, પરંતુ પુરાતત્વના કેટલાક વિદ્વાનો માને છે કે માટીના પાટિયા પર લખાયેલું આ મહાકાવ્ય કોઈ પ્રાચીન કૃતિની નકલ છે. શક્ય છે કે બાબિલોનના ‘ગિલગમેશ’ મહાકાવ્યના મૂળમાં ઈ.સ. પુર્વે ત્રીજી સહસ્ત્રાબ્દીમાં  મેસેપોટિમયામાં થયેલો મહા જળપ્રલય હશે.

બાઈબલમાં આવતી નૂહ અને જળપ્રલયની વાત ખૂબ સુંદર અને રસપ્રદ છે. બાઈબલના જળપ્રલયની વાતમાંથી અનેક પેઢીઓનાં બાળકો માટે દંતકથાઓ અને રમકડાંઓ મળ્યાં છે. વહાણનું મોટું રકમડું હોય તો એને નૂહના વહાણ તરીકે બાળકોને સમજાવવામાં આવે છે અને એમને નૂહ અને જળપ્રલયની વાત કહેવામાં આવે છે.

બાઈબલ કહે છે તેમ, નૂહની કથા આ પ્રમાણે છેઃ નૂહ ધર્મને માર્ગે ચાલનાર માણસ હતો. તે એના જમાનાનો એકમાત્ર સાધુ પુરુષ હતો, તે ઈશ્વરના સાનિધ્યમાં રહેતો હતો. તેને ત્રણ પુત્રો હતા, શેમ, હામ અને યાફેથ.

બાઈબલના પંડિતોનના મત મુજબ નૂહ ઈ.સ. પૂર્વે 2000 ની આસપાસ જીવતો હતો. આ પંડિતો નૂહને આદિમાનવ આદમ પછીની દસમી પેઢીનો માણસ ગણે છે.

નૂહના જમાના વિશે બાઈબલ નોંધે છે કે, “હવે પૃથ્વી ઈશ્વરની નજરમાં દુરાચારી બની ગઈ હતી અને હિંસાથી ભરેલી હતી. ઈશ્વરે પૃથ્વી તરફ જોયું તો તે દુરાચારી માલૂમ પડી, કારણ, પૃથ્વી ઉપરનાં બધાં માણસોએ દુરાચારનો માર્ગ ગ્રહ્ણ કર્યો હતો. ઈશ્વર પ્રભુએ જોયું કે પૃથ્વી ઉપર માણસની દુષ્ટતૈ ઘણી વધી ગઈ છે અને તેના અંતરની બધી વૃત્તિઓ સતત દુષ્ટ જ હોય છે. ત્યારે પૃથ્વી ઉપર માણસને ઉત્પન્ન કરવા માટે તેને પસ્તાવો થયો અને તેનાં અંતરને ઘણું દુઃખ થયું.”

એટલે ઈશ્વરે નૂહને કહ્યું, "મેં બધાં માણસોનો અંત લાવવાનો નિશ્ચય કર્યો છે. કારણ, તેમને લીધે પૃથ્વી હિંસાથી ભરાઈ ગઈ છે. હું તેમનો અને પૃથ્વીનો નાશ કરવાનો છું." પછી ઈશ્વરે નૂહને વહાણ બનાવીને એમાં નૂહના કુટુંબીજનો સાથે દરેક જાતનાં પ્રાણીઓમાંથી બબ્બેને વહાણમાં લઈ લેવાની આજ્ઞા કરી અને નૂહે એ પ્રમાણે કર્યું. બાઈબલમાં ઈશ્વરની આ આજ્ઞાનું તથા એ આખા પ્રસંગનું ખૂબ જ સુંદર વર્ણન છે.

ઈશ્વરે નૂહને કહ્યું, "તું તારે માટે દેવદારના લાકડાનું એક વહાણ બનાવજે, તેમાં ઓરડીઓ બનાવજે અને અંદરથી અને બહારથી ડામર લગાડજે. વહાણની લંબાઈ ત્રણસે હાથ, પહોળાઈ પચાસ હાથ અને ઊંચાઈ ત્રીસ હજાર રાખજે. વહાણમાં ઉપરથી  એક હાથ મૂકીને એક બારી રાખજે અને વહાણની એક બાજુએ બારણું રાખજે, વહાણમાં નીચલો, વચલો અને ઉપલો એમ ત્રણ મજલા રાખજે. હું આકાશ નીચેના બધા જીવોનો નાશ કરવા માટે પૃથ્વી ઉપર જળપ્રલય લાવનાર છું અને પૃથ્વી ઉપર જે કાંઈ છે તે બધું નાશ પામશે. પણ હું તારી સાથે કરાર કરીશુ. તું વહાણમાં આવી રહેજે, તારા છોકરાઓ, તારી પત્ની અને તારા છોકરાઓની વહુઓ પણ તારી સાથે આવી રહે. વળી, દરેક જાતનાં પ્રાણીઓમાં થી બબ્બેને તું વહાણમાં લઈ આવજે – એક નરને એક માદાને જેથી તેઓ તારી સાથે જીવતાં રહે. દરેક જાતના પંખીઓમાંથી અને દરેક જાતનાં ઢોરોમાંથી અને દરેક જાતના પેટે ચાલનારાઓમાંથી બબ્બે તારી સાથે લઈ આવજે, જેથી તેઓ રહે. વળી, તારી સાથે બધી જાતનો ખોરાક પણ લેજે અને સંઘરી રાખજે. એ તારે અને પ્રાણીઓને ખાવા ચાલશે."

પછી ઈશ્વરના કહ્યા મુજબ નૂહ અને એનું આખું કુટુંબ વહાણમાં ચઢી ગયાં. વળી. ઈશ્વરના આદેશ મુજબ પૃથ્વી ઉપર દરેક પ્રકારના જીવજંતુઓની ઓલાદ કાયમ રહે એ માટે નૂહે પોતાના વહણાં દરેક જીવજંતુનાં એકેક નરમાદાની જોડ લઈ લીધી. જ્યારે નૂહ, એના કુટુંબીજનો અને જાનવરો તથા પંખીઓમાંથી નર-માદાઓ વહાણાં ચડી ગયાં ત્યારબાદ પ્રલયનાં પાણી પૃથ્વી ઉપર આવ્યાં.

બાઈબલનું વર્ણન જુઓ, "પાતાળનાં જળરાશિનાં ઝરણાંઓ ફૂટી નીકળ્યાં, આકાશની બારીઓ ખૂલી ગઈ અને ચાલીસ દિવસ અને ચાલીસ રાત સુધી વરસાદ વરસ્યા કર્યો. ચાળીસ દિવસ સુધી પૃથ્વી ઉપર જળપ્રલય ચાલુ રહ્યો, પાણી વધતાં ગયાં અને વહાણ પૃથ્વીની અધ્ધર ઊંચકાવા લાગ્યું. પાણી ચડતાં જ ગયાં અને ખૂબ વધી ગયાં અને વહાણ પાણી ઉપર તરવા લાગ્યું. પૃથ્વી ઉપર પાણી એટલાં તો

ચડયાં કે આકાશ નીચેના બધાં જ ઊંચા પર્વતો ઢંકાઈ ગયા અને પાણી વધીને પર્વતોની ઉપર પંદર હાથ ચડી ગયાં. પૃથ્વી ઉપર ફરનારા બધા જ જીવોપંખીઓ, ઢોરો, જંગલી પશુઓ, પેટે ચાલનારાં બધાં પ્રાણીઓ અને બધાં માણસો-મરી ગયાં. સૂકી ધરતી ઉપરનો એકેએક જીવ મરી ગયો. માત્ર નૂહ અને તેની સાથે વહાણમાં જેઓ હતાં તેઓ જ બચ્યાં."

જળપ્રલયને અંતે વહાણની અંદર ગયાના એક વર્ષ પછી નૂહ એના કુટુંબીજનો તેમજ સૌ જીવજંતુઓ વહાણની બહાર આવી શક્યાં. ત્યાનં નૂહે ઈશ્વર પ્રભુ માટે એક યજ્ઞવેદી બાંધી અને વેદી ઉપર આહુતિ આપી. પછી ઈશ્વરે નૂહ અને એના દીકરાઓ સાથે કરાર કરીને આશીર્વાદ આપ્યા અને કહ્યું. "સંતતિ પેદા કરો, વંશવેલો વધારો અને પૃથ્વીને ભરી દો."

"ત્યાર પછી ઈશ્વરે નૂહને અને તેના દીકરાઓને કહ્યું, જુઓ હું તમારી સાથે અને તમારા વંશજો સાથે અને તમારી સાથેના બધા જીવો સાથે-પંખીઓ, ઢોરો અને જંગલી પ્રાણીઓ, જેઓ તમારી સાથે વહાણમાંથી બહાર આવ્યાં છે તેબધાંની સાથે-કરાર કરું છું. હું તમારી સાથે એવો કરાર કરું છું કે, હવે કદી પણ બધા જીવોનો જળપ્રલયથી નાશ નહિ થાય અને હવે કદી પણ જળપ્રલય આવીને પૃથ્વીનો નાશ નહિ કરે."

વધુમાં ઈશ્વર કહ્યું, "તમારી તથા તમારી સાથેના બધા જીવોની સાથે હું જે કરાર કાયમ માટે કરું છું. તેની આ એધાણી છેઃ હું વાદળામાં મારું ધનુષ મૂકું છું અને તે મારી અને પૃથ્વી વચ્ચે થયેલ કરારની એંધાણી બની રહેશે."

જળપ્રલય પછીના નૂહ વિશે બાઈબલ કહે છે કે નૂહ પોતે ખેડૂત હતો, દ્રાક્ષની વાડી કરનાર તે પ્રથમ હતો. દારૂ પીધા પછી તે છાટકો થયો અને પોતાનાં વસ્ત્ર કાઢી નાખી પોતાના તંબુમાં નિર્વસ્ત્ર હાલમાં પડયો હતો.

નૂહના દીકરા હામે પોતાના બાપને નવસ્ત્રો જોઈને પોતાના બે ભાઈઓને એની જાણ કરી. શેમ અને યાફેથ એક ચાદર લઈને ખભા ઉપરથી પીઠ પાછળ પકડી પાછલે પગલે ચાલીને નવસ્ત્રા બાપને તે ચાદર ઓઢાડી દીધી. પોતાના બાપને નવસ્ત્રા જોવા ન પડે એટલા માટે શેમ અને યાફેથ મોં ફેરવીને ગયા હતા.

જ્યારે નૂહનો દારૂ ઊતરી ગયો અને તેના પુત્રોએ તે જ્યારે નશામાં હતો ત્યારે શું કર્યું હતું એની ખબર પડી ત્યારે નૂહે પોતાને નિર્વસ્ત્ર જોનાર હામને શાપ આપ્યો અને પાછલા પગલે ચાલી પોતાને ચાદર ઓઢાડનાર બે દીકરાઓને આશીર્વાદ આપ્યા.

જળપ્રલય પછી નૂહ ત્રણસો પચાસ વર્ષ જીવ્યો અને નવસો પચાસ વર્ષની વયે અવસાન પામ્યો.

હિબ્રુ લોકો માનતા હતા કે મધ્યપૂર્વ એશિયાના મૂળ વંશના લોકો નૂહમાં ત્રણ સંતાનોના કુળના છે. આરાબિયાના ફળદ્રુપ તથા રણભૂમિ વિસ્તારોમાં વસતા લોકો શેમથી ઊતરી આવેલા વંશજો છે. એટલે એમને સીમાઈટ કહેવામાં આવે છે. યાફેથમાંથી ઉત્તર અને પશ્ચિમના ઈન્ડોયુરોપના વંશો આવ્યા છે. અને છેલ્લા હામના વંશો મુખ્યત્વે આફ્રિકાના ઈજિપ્ત અને ઈથિઓપિયામાં વસ્યા છે. કાનાન દેશમાં આ ત્રણેય વંશો કે પ્રજાના લોકો વસે છે. હિબ્રુ લોકો સીમાઈટ પ્રજા છે. ફિલીસ્ટાઈ લોકો તો પશ્ચિમમાં ચઢી આવેલા યાફેથના વંશના છે અને કાનની તળપદી પ્રજા કાનાનાઈટ લોકો તો હામનાં સંતાનો છે.

બાઈબલમાં અબાહામને ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર સૌ લોકોના આધ્યપિતા ગણવામાં આવે છે તો નૂહને જળપ્રલય પછીની પ્રજાના સ્થાપક પિતા ગણવામાં આવે છે.

બધા પ્રકારના ભ્રષ્ટાચાર અને અનિષ્ટ વચ્ચે જીવનાર આપણા સૌ માટે સાધુપુરુષ જેવા અને ધર્મને માર્ગે ચાલનાર નૂહનો પત્ર પ્રેરણાત્મક છે.